## ૮

# તપ અને પરિષહ

**બૌદ્ધ** પિટકોમાં અનેક સ્થાને 'निगंठ'ની સાથે 'तपस्सी', 'दीघतपस्सी' જેવાં વિશેષણો જોવામાં આવે છે. આ પ્રમાણે કેટલાંય બૌદ્ધ સૂત્રોમાં રાજગૃહી વગેરે સ્થાનોમાં તપસ્યા કરતા નિર્ગ્રંથોનું વર્ણન મળે છે, અને ખુદ તથાગત બુદ્ધે કરેલી નિર્ગ્રંથોની તપસ્યાની સમાલોચના પણ મળે છે.[1] આ જ રીતે જ્યાં બુદ્ધે પોતાનું પૂર્વજીવન પોતાના શિષ્યોને કહ્યું ત્યાં પણ એમણે પોતાના સાધનાકાળમાં કરેલી કેટલીક એવી તપસ્યાઓનું[2] વર્ણન કર્યું છે કે જે કેવળ નિર્ગ્રંથ પરંપરાની જ કહી શકાય, અને જે અત્યારે ઉપલબ્ધ જૈન આગમોમાં વર્ણવાયેલી નિર્ગ્રંથ-તપસ્યાઓ સાથે અક્ષરશઃ મળતી આવે છે. હવે આપણે એ જોઈશું કે બૌદ્ધ પિટકોમાં આવતું નિર્ગ્રંથ-તપસ્યાનું વર્ણન કેટલે અંશે ઐતિહાસિક છે?

### તપસ્યાપ્રધાન નિગ્રંથપરંપરા

ખુદ જ્ઞાતપુત્ર મહાવીરનું જીવન જ ઉગ્ર તપસ્યાનું મૂર્ત સ્વરૂપ છે, જે આચારાંગના પહેલા શ્રુતસ્કંધમાં જોવા મળે છે. એ ઉપરાંત આગમોના બધાય પ્રાચીન સ્તરોમાં જ્યાં ક્યાંય કોઈએ પ્રવ્રજ્યા લીધાનું વર્ણન આવે છે, ત્યાં શરૂઆતમાં જ આપણે જોઈએ છીએ કે એ

---

૧. મજ્ઝિમનિકાય સુ૦ ૫૬ અને ૧૪.

૨. એજન સુ૦ ૨૬. અ૦ કોસંબીકૃત બુદ્ધચરિત (ગુજરાતી).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીક્ષિત નિર્ગ્રંથ તપસ્યાનું[1] આચરણ કરે છે. એક રીતે મહાવીરના સાધુસંઘની સમગ્ર ચર્યા જ તપોમય જોવા મળે છે. અનુત્તરોવવાઇઅ વગેરે આગમોમાં એવા અનેક મુનિઓનું વર્ણન છે કે જેઓએ ઉત્કટ તપ કરીને પોતાના દેહને કેવળ હાડપિંજર જેવો બનાવી દીધો હતો.[2] વળી અત્યાર સુધીની જૈન પરંપરાનું શાસ્ત્ર અને સાધુઓ તેમ જ ગૃહસ્થોનો આચાર જોવાથી પણ આપણે એમ કહી શકીએ કે મહાવીરના શાસનમાં તપનો મહિમા વધારે છે, અને એમના ઉત્કટ તપનો પ્રભાવ સંઘ ઉપર એવો પડે છે કે જૈનત્વ, એ તપનો બીજો પર્યાય બની ગયું છે. મહાવીરના વિહાર-સ્થળોમાં અંગ-મગધ, કાશી-કોશલ મુખ્ય છે. જે રાજગૃહી વગેરે સ્થાનોમાં તપસ્યા કરનાર નિર્ગ્રંથો સંબંધી ઉલ્લેખ બૌદ્ધ ગ્રંથોમાં મળે છે, એ રાજગૃહી વગેરે સ્થાનો તો મહાવીરના સાધનાકાળનાં અને ધર્મોપદેશસમયનાં મુખ્ય ધામો હતાં, અને મહાવીરનો નિર્ગ્રંથ સંઘ મુખ્યત્વે એ સ્થાનોમાં રહેતો હતો. આ રીતે બૌદ્ધ પિટકો અને આગમોની મેળવણીને આધારે આપણે નીચે મુજબ નિષ્કર્ષ તારવી શકીએ છીએ :–

(૧) ખુદ મહાવીર અને એમનો નિર્ગ્રંથસંઘ તપોમય જીવન ઉપર વિશેષ ભાર આપતો હતો.

(૨) અંગ-મગધનાં રાજગૃહી વગેરે અને કાશી-કોશલનાં શ્રાવસ્તી વગેરે શહેરોમાં તપસ્યા કરનારા નિર્ગ્રંથો મોટી સંખ્યામાં વિચરતા હતા અને રહેતા હતા.

**મહાવીર પહેલાં પણ તપસ્યાની પ્રધાનતા**

ઉપરના કથનને આધારે મહાવીરની સમકાલીન અને ઉત્તરકાલીન નિર્ગ્રંથ પરંપરા તપસ્યાપ્રધાન વૃત્તિ ધરાવતી હતી એમાં તો કશી શંકા જ નથી રહેતી; પણ હવે વિચારવાનું એ છે કે મહાવીરની પહેલાં

---

૧. ભગવતી ૯–૩૩; ૨–૧; ૯–૬.

૨. એજન ૨–૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ નિર્ગ્રંથ પરંપરા તપસ્યાપ્રધાન હતી કે નહીં ?

આ પ્રશ્નનો જવાબ આપણને 'હા' માં જ મળી રહે છે, કેમ કે ભગવાન મહાવીરે પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથ પરંપરામાં જ દીક્ષા લીધી હતી; અને દીક્ષાની શરૂઆતથી જ તેઓ તપસ્યા તરફ ઢળ્યા હતા. આ ઉપરથી આપણે એ જાણી શકીએ છીએ કે પાર્શ્વાપત્યિક પરંપરાનું તપ તરફ કેવું વલણ હતું. ભગવાન પાર્શ્વનાથનું જે જીવન જૈન ગ્રંથોમાં મળે છે એને જોવાથી પણ આપણે એમ જ કહી શકીએ છીએ કે પાર્શ્વનાથની નિર્ગ્રંથ પરંપરા તપસ્યાપ્રધાન હતી. ભગવાન મહાવીરે પોતાના જીવન દ્વારા એ પરંપરામાં શુદ્ધિ અને વિકાસનું તત્ત્વ ભલે દાખલ કર્યું હોય, પણ એમણે પહેલાંથી ચાલી આવતી પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથ પરંપરામાં તપોમાર્ગને નવેસરથી દાખલ નથી કર્યો. આની સાબિતી આપણને બીજી રીતે પણ મળી રહે છે.

જ્યાં બુદ્ધે પોતાના શિષ્યો પાસે પોતાના પૂર્વજીવનનું વર્ણન કરતાં, અનેક પ્રકારની તપસ્યાઓની નિરર્થકતા[1] કહી બતાવી હતી ત્યાં એમણે નિર્ગ્રંથ-તપસ્યાનો પણ ઉલ્લેખ કર્યો હતો. બુદ્ધે જ્ઞાતપુત્ર મહાવીરની પહેલાં જ જન્મ ધારણ કર્યો હતો અને ગૃહત્યાગ કરીને તપસ્વી-માર્ગનો સ્વીકાર કર્યો હતો. એ સમયમાં પ્રચલિત બીજા બીજા પંથોની જેમ બુદ્ધે નિર્ગ્રંથ પંથનો પણ થોડા વખત માટે સ્વીકાર કર્યો હતો અને પોતાના સમયમાં પ્રચલિત નિર્ગ્રંથ-તપસ્યાનું આચરણ પણ કર્યું હતું. તેથી બુદ્ધ જ્યારે પોતે પહેલાં કરેલી તપસ્યાનું વર્ણન કરે છે ત્યારે એમાં હૂબહૂ નિર્ગ્રંથ-તપસ્યાનું સ્વરૂપ પણ આવી જાય છે, જે અત્યારે જૈન ગ્રંથો અને જૈન પરંપરા સિવાય બીજે ક્યાંય જોવામાં નથી આવતું. મહાવીર પહેલાં જે નિર્ગ્રંથ-તપસ્યાનું બુદ્ધે આચરણ કર્યું હતું, એ તપસ્યા પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથ પરંપરા સિવાય બીજી કોઈ નિર્ગ્રંથ પરંપરાની હોવાનો સંભવ નથી, કારણ કે મહાવીર તો હજી જન્મ્યા જ ન હતા,

---

૧. મજ્ઝિમનિકાય સુ૦ ૨૬. અ૦ કોસંબીકૃત બુદ્ધચરિત (ગુજરાતી).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને બુદ્ધના જન્મસ્થાન કપિલવસ્તુથી લઈને તે એમના સાધનાસ્થાન રાજગૃહી, ગયા, કાશી વગેરેમાં પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથ પરંપરાનું નિર્વિવાદ અસ્તિત્વ અને પ્રાધાન્ય હતું. જે સ્થાને બુદ્ધે સૌથી પહેલાં ધર્મચક્રનું પ્રવર્તન કર્યું એ સારનાથ પણ કાશીનો જ એક ભાગ છે; અને એ કાશી તો પાર્શ્વનાથની જન્મભૂમિ તથા તપોભૂમિ હતી. સાધના વખતે બુદ્ધની સાથે જે બીજા પાંચ ભિક્ષુઓ હતા તેઓ બુદ્ધનો ત્યાગ કરીને સારનાથ –ઇસિપત્તનમાં જ રહીને તપસ્યા કરતા હતા. એ પાંચ ભિક્ષુઓ નિર્ગ્રંથ પરંપરાના જ અનુગામી હોય તો નવાઈ નહીં. એ ગમે તેમ હોય, પણ બુદ્ધે નિર્ગ્રંથ-તપસ્યાનું, ભલે થોડા વખત માટે પણ, આચરણ કર્યું હતું, એમાં કોઈ શંકાને સ્થાન નથી; અને એ તપસ્યા પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથ પરંપરાની જ હોઈ શકે. આથી આપણે એમ માની શકીએ છીએ કે જ્ઞાતપુત્ર મહાવીર પહેલાં પણ નિર્ગ્રંથ પરંપરાનું સ્વરૂપ તપસ્યાપ્રધાન જ હતું.

ઉપરની ચર્ચા ઉપરથી નિર્ગ્રંથ પરંપરાની તપસ્યા અંગે ઐતિહાસિક દૃષ્ટિએ એટલું પુરવાર થઈ શકે છે કે ઓછામાં ઓછું પાર્શ્વનાથના વખતથી તો નિર્ગ્રંથ પરંપરા તપપ્રધાન હતી; અને એના તપ તરફના વલણને મહાવીરે વધારે વેગ આપ્યો હતો. અહીં આપણી સામે ઐતિહાસિક દૃષ્ટિએ બે પ્રશ્નો ઉપસ્થિત થાય છે: એક તો એ કે બુદ્ધે વારંવાર નિર્ગ્રંથ-તપસ્યાઓનું ખંડન કર્યું છે એ કેટલે અંશે સાચું છે અને એના ખંડનનો આધાર શું છે? અને બીજો પ્રશ્ન એ કે મહાવીરે પહેલાંથી પ્રચલિત નિર્ગ્રંથ-તપસ્યામાં વિશેષતા લાવવાનો કોઈ પ્રયત્ન કર્યો હતો કે નહીં, અને કર્યો હતો તો શો?

### બુદ્ધે કરેલ ખંડનનો ખુલાસો

નિર્ગ્રંથ-તપસ્યાનું ખંડન કરવાની પાછળ બુદ્ધની દૃષ્ટિ મુખ્યત્વે એવી જ હતી કે તપ એ કાયક્લેશ છે, કેવળ દેહદમન છે; એનાથી દુઃખ સહન કરવાનો અભ્યાસ તો આગળ વધે છે, પણ એનાથી કોઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આધ્યાત્મિક સુખ કે ચિત્તશુદ્ધિ પ્રાપ્ત નથી થતાં.[1] બુદ્ધની આ દૃષ્ટિની આપણે નિર્ગ્રંથ પરંપરાની દૃષ્ટિ સાથે સરખામણી કરીએ તો કહેવું પડે કે નિર્ગ્રંથ પરંપરાની દૃષ્ટિ અને મહાવીરની દૃષ્ટિ વચ્ચે કોઈ તાત્ત્વિક ભેદ નથી. કારણ કે ખુદ મહાવીર અને એમનો ઉપદેશ માનવાવાળી સમગ્ર નિર્ગ્રંથ પરંપરાનું સાહિત્ય, એ બન્ને એકીઅવાજે એમ જ કહે[2] છે કે દેહદમન કે કાયક્લેશ ગમે તેટલું ઉગ્ર કેમ ન હોય, પણ જો એનો ઉપયોગ આધ્યાત્મિક શુદ્ધિ અને ચિત્તક્લેશના નિવારણ માટે ન થાય તો એ દેહદમન અને કાયક્લેશ નકામાં છે. આનો અર્થ તો એમ જ થયો કે નિર્ગ્રંથ પરંપરા પણ દેહદમન અને કાયક્લેશને ત્યારે જ સાર્થક માને છે, કે જ્યાં લગી એનો સંબંધ આધ્યાત્મિક શુદ્ધિ સાથે હોય. તો પછી સહેજે સવાલ થાય છે કે બુદ્ધે એનું ખંડન કેમ કર્યું? આનો ખુલાસો બુદ્ધના જીવનના વલણ તેમ જ એમના ઉપદેશોમાંથી મળી રહે છે. બુદ્ધનો સ્વભાવ વિશેષ પરિવર્તનશીલ અને વિશેષ તર્કશીલ હતો. જ્યારે એમનો સ્વભાવ ઉગ્ર દેહદમનથી સંતુષ્ટ ન થયો ત્યારે એમણે એને એક અન્ત–છેડો કહીને એનો ત્યાગ કર્યો, અને ધ્યાનમાર્ગ, નૈતિક જીવન તથા પ્રજ્ઞા ઉપર જ વિશેષ ભાર આપ્યો. એમને એ માર્ગે જ આધ્યાત્મિક સુખ પ્રાપ્ત થયું; અને એમણે એ તત્ત્વના આધારે પોતાનો નવો સંઘ સ્થાપ્યો.

નવો સંઘ સ્થાપનારને માટે એ જરૂરી થઈ પડે છે કે એ આચાર-વિચાર સંબંધી પોતાના નવા વલણને વધારેમાં વધારે લોકગ્રાહ્ય બનાવવા માટે પ્રયત્ન કરે, અને પૂર્વકાલીન તેમ જ સમકાલીન અન્ય સંપ્રદાયોનાં મંતવ્યોની આકરી સમાલોચના કરે; આમ કર્યા વગર કોઈ ન તો પોતાના નવા સંઘમાં અનુયાયીઓને ભેગા કરી શકે છે કે ન તો ભેગા થયેલા અનુયાયીઓને ટકાવી શકે છે. બુદ્ધના નવા સંઘની હરીફ અનેક પરંપરાઓ મોજૂદ હતી કે જેના ઉપર નિર્ગ્રંથ

૧. મજ્ઝિમનિકાય સુ૦ ૨૬. અ૦ કોસંબીકૃત બુદ્ધચરિત (ગુજરાતી).
૨. દશવૈકાલિક ૯. ૪-૪. ભગવતી ૩-૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરંપરાનું વર્ચસ્વ જેવું તેવું ન હતું. સામાન્ય જનતા સ્થૂલદર્શી—નરી નજરે દેખાતું માનનારી—હોવાથી એ બાહ્ય ઉગ્ર તપ અને દેહદમનને કારણે તપસ્વીઓ પ્રત્યે સહેલાઈથી આકર્ષાય છે : આ એક સનાતન અનુભવ છે. એક તો પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથ પરંપરાના અનુયાયીઓને તપસ્યાનો સંસ્કાર ગળથૂથીમાંથી મળેલો હતો; અને બીજું, મહાવીરના અને એમના નિર્ગ્રંથ સંઘના ઉગ્ર તપશ્ચરણને લીધે સાધારણ જનતા, સહજ રીતે જ, નિર્ગ્રંથો તરફ ઝૂકતી હતી. અને તપશ્ચર્યા પ્રત્યે બુદ્ધની શિથિલતા જોઈને એમને પ્રશ્ન પૂછી બેસતી હતી કે જ્યારે બધાય શ્રમણો તપ ઉપર ભાર આપે છે, ત્યારે આપ તપને કેમ નથી માનતા?[1] ત્યારે બુદ્ધને પોતાના પક્ષનો બચાવ પણ કરવો હતો અને સાધારણ જનતા અને અધિકારીવર્ગ તેમ જ રાજા-મહારાજાઓને પોતાનાં મંતવ્યો તરફ આકર્ષવા પણ હતા. તેથી તપની આકરી સમાલોચના—ટીકા કરવાનું એમના માટે અનિવાર્ય થઈ પડતું. એમણે કર્યું પણ એમ જ. તેઓ તપની ટીકામાં સફળ ત્યારે જ થઈ શકતા હતા કે જ્યારે તેઓ એમ સાબિત કરે કે તપ એ તો માત્ર કષ્ટ જ છે.

એ સમયમાં અનેક તપસ્વીમાર્ગ એવા પણ હતા કે જે કેવળ જુદી જુદી જાતના બાહ્ય કલેશોમાં જ તપની પૂર્ણાહુતિ માનતા હતા. જ્યાં સુધી એ બાહ્ય તપોમાર્ગોની નિરર્થકતાને લાગેવળગે છે ત્યાં સુધી તો બુદ્ધે કરેલું તપસ્યાનું ખંડન સાચું છે; પણ જ્યારે આધ્યાત્મિક શુદ્ધિની સાથે સંકળાયેલ તપસ્યાઓના ખંડનનો સવાલ આવે છે ત્યારે એ ખંડન ન્યાયયુક્ત નથી લાગતું. આમ છતાં બુદ્ધે તો નિર્ગ્રંથ-તપસ્યાઓનો અનેક વાર છડેચોક વિરોધ કર્યો છે; તો એનો અર્થ એટલો જ સમજવો કે બુદ્ધે નિર્ગ્રંથ પરંપરાના દૃષ્ટિબિંદુને પૂરેપૂરું ધ્યાનમાં લીધા વગર કેવળ એના બાહ્ય તપ તરફ જ ધ્યાન આપ્યું. અને બીજી પરંપરાઓના ખંડનની સાથે સાથે નિર્ગ્રંથ પરંપરાના

૧. અંગુત્તરનિકાય વો૦ ૧, પૃ૦ ૨૨૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તપને પણ ખેંચ્યું. નિર્ગ્રંથ પરંપરાનું તાત્ત્વિક દૃષ્ટિબિંદુ ગમે તે હોય, પણ મનુષ્યસ્વભાવનું અવલોકન કરતાં, તથા જૈન ગ્રંથોમાં[1] આવતાં કેટલાંક વર્ણનોને આધારે, આપણે એમ પણ કહી શકીએ કે બધાય નિર્ગ્રંથ તપસ્વીઓ કંઈ એવા ન હતા કે જેઓ પોતાના તપ કે દેહદમનને કેવળ આધ્યાત્મિક શુદ્ધિમાં જ ચરિતાર્થ કરતા હોય. આવી સ્થિતિમાં જો બુદ્ધે તથા એમના શિષ્યોએ નિર્ગ્રંથ-તપસ્યાનું ખંડન કર્યું હોય તો તે અમુક અંશે સાચું પણ કહી શકાય એમ છે.

**ભગવાન મહાવીરે આણેલી વિશેષતા**

બીજા પ્રશ્નનો જવાબ આપણને જૈન આગમોમાંથી જ મળી રહે છે. બુદ્ધની જેમ મહાવીર પણ કેવળ દેહદમનને જીવનનું ધ્યેય ગણતા ન હતા; કારણ કે આવાં અનેક પ્રકારનાં દેહદમન કરનારાઓને તાપસ કે મિથ્યા તપ કરનારા કહ્યા છે.[2] તપસ્યાની બાબતમાં પણ પાર્શ્વનાથની દૃષ્ટિ માત્ર દેહદમન કે કાયક્લેશપ્રધાન નહીં પણ આધ્યાત્મિક શુદ્ધિના લક્ષવાળી હતી. પણ એમાં તો મુદ્દલ શંક નથી કે નિર્ગ્રંથ પરંપરા પણ, કાળના પ્રવાહમાં ખેંચાઈને અને માનવ-સ્વભાવની નિર્બળતાનો ભોગ બનીને, અત્યારની મહાવીરની પરંપરાની જેમ, મુખ્યત્વે દેહદમન તરફ ઢળી ગઈ હતી અને આધ્યાત્મિક ધ્યેય એક બાજુ રહી ગયું હતું. ભગવાન મહાવીરે જે કાંઈ કર્યું તે એટલું જ કે પરંપરાથી ચાલ્યા આવતા એ સ્થૂલ તપનો સંબંધ આધ્યાત્મિક શુદ્ધિની સાથે અનિવાર્યપણે જોડી દીધો અને કહી દીધું કે બધી જાતના કાયક્લેશ, ઉપવાસ વગેરેથી શરીર અને ઇંદ્રિયનું દમન, એ ભલે તપ હોય, પણ એ બાહ્ય તપ છે, આભ્યંતર તપ નહીં.[3] આભ્યંતર અને આધ્યાત્મિક તપ તો બીજું જ છે; અને આત્મશુદ્ધિ

---

૧. ઉત્તરાધ્યયન અ૦ ૧૭.

૨. ભગવતી ૩-૧; ૧૧-૯.

૩. ઉત્તરાધ્યયન અ૦ ૩૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાથે એને અનિવાર્ય સંબંધ છે; અને એ ધ્યાન, જ્ઞાન વગેરે રૂપ છે. મહાવીરે પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથ પરંપરામાં ચાલ્યા આવતા બાહ્ય તપનો સ્વીકાર તો કર્યો, પણ જેવા ને તેવા રૂપમાં એનો સ્વીકાર ન કર્યો, બલ્કે કેટલેક અંશે પોતાના જીવન દ્વારા એમાં ઉગ્રતા લાવીને પણ એ દેહદમનનો સંબંધ આભ્યંતર તપની સાથે જોડી દીધો અને સાફસાફ કહી દીધું કે તપની પૂર્ણતા તો આધ્યાત્મિક શુદ્ધિની પ્રાપ્તિથી જ થઈ શકે છે. પોતાના આચરણથી પોતાના કથનને પુરવાર કરીને મહાવીરે જ્યાં એક તરફ નિર્ગ્રંથ પરંપરામાં પહેલાંથી પ્રચલિત શુષ્ક દેહદમનમાં સુધારો કર્યો, ત્યાં બીજી તરફ બીજી શ્રમણ પરંપરાઓમાં પ્રચલિત જુદી જુદી જાતનાં દેહદમનોને પણ અપૂર્ણ તપ કે મિથ્યા તપ તરીકે ઓળખાવ્યાં. તેથી એમ કહી શકાય કે તપોમાર્ગમાં મહાવીરનું વિશિષ્ટ અર્પણ છે, અને તે એ કે કેવળ શરીર અને ઇંદ્રિયોના દમનમાં સમાઈ જતા તપ શબ્દના અર્થને એમણે આધ્યાત્મિક શુદ્ધિના બધાય ઉપાયો સુધી વિસ્તૃત કર્યો. એટલા માટે જ જૈન આગમોનાં ઠેર ઠેર આભ્યંતર અને બાહ્ય, એમ બન્ને પ્રકારનાં તપોનો નિર્દેશ સાથોસાથ મળે છે.

બુદ્ધને તપની પૂર્વપરંપરાનો ત્યાગ કરીને ધ્યાન-સમાધિની પરંપરા ઉપર જ વધારે ભાર આપવો હતો; જ્યારે મહાવીરને તપની પૂર્વપરંપરાનો ત્યાગ કર્યા સિવાય, પણ, એની સાથે આધ્યાત્મિક શુદ્ધિનો સંબંધ જોડીને, ધ્યાન-સમાધિના માર્ગ ઉપર ભાર આપવો હતો. બન્નેની પ્રવૃત્તિ અને પ્રરૂપણા વચ્ચે આ જ મુખ્ય અંતર છે. મહાવીરના અને એમના શિષ્યોના તપસ્વી-જીવનનો જે પ્રભાવ સમકાલીન જનતા ઉપર પડતો હતો એથી વિવશ થઈને બુદ્ધને પોતાના ભિક્ષુ સંઘમાં અનેક કડક નિયમો દાખલ કરવા પડચા, જે બૌદ્ધ ગ્રંથ વિનય-પિટકને જોવાથી જાણી શકાય છે.[1] તેમ છતાં બુદ્ધે ક્યારેય બાહ્ય

૧. બૌદ્ધ સંઘનો પરિચય પૃ૦ ૨૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તપનો પક્ષ નથી લીધો; બલ્કે જ્યારે જ્યારે અવસર મળ્યો ત્યારે એમણે એનો ઉપહાસ જ કર્યો. સ્વયં બુદ્ધની આ શૈલીને ઉત્તરકાલીન બધાય બૌદ્ધ લેખકોએ અપનાવી; પરિણામે, આજે આપણે એ જોઈએ છીએ કે, બુદ્ધે કરેલો દેહદમનનો વિરોધ બૌદ્ધ સંઘમાં આજે સુકુમારતામાં ફેરવાઈ ગયો છે; જ્યારે મહાવીરનું બાહ્ય તપવાળું જીવન જૈન પરંપરામાં કેવળ દેહદમનમાં પરિણત થઈ ગયું. આ બન્ને દોષ સામુદાયિક પ્રકૃતિના સ્વાભાવિક દોષ છે, નહીં કે મૂળ પુરુષોના આદર્શના દોષ.

[દઔચિં૦ ખં૦ ૨, પૃ૦ ૯૦-૯૬]

ભગવાન મહાવીરે તપની શોધ કાંઈ નવી કરી ન હતી; તપ તો એમને કુળ અને સમાજના વારસામાંથી જ સાંપડ્યું હતું. એમની શોધ જો હોય તો તે એટલી જ કે એમણે તપને—કઠોરમાં કઠોર તપને—દેહદમનને અને કાયકલેશને આચરતા રહી તેમાં આંતરદૃષ્ટિ ઉમેરી, એટલે કે બાહ્ય તપને અંતર્મુખ બનાવ્યું. પ્રસિદ્ધ દિગંબર તાર્કિક સમંતભદ્રની ભાષામાં કહીએ તો ભગવાન મહાવીરે કઠોરતમ તપ પણ આચર્યું; પરંતુ તે એવા ઉદ્દેશથી કે તે દ્વારા જીવનમાં વધારે ડોકિયું કરી શકાય, વધારે ઊંડા ઊતરાય અને જીવનનો અંતર્મળ ફેંકી દઈ શકાય. આ જ કારણથી જૈન તપ એ ભાગમાં વહેંચાઈ જાય છે : એક બાહ્ય અને બીજું આભ્યંતર. બાહ્ય તપમાં દેહને લગતાં બધાં જ દેખી શકાય તેવાં નિયમનો આવી જાય છે, જ્યારે આભ્યંતર તપમાં જીવનશુદ્ધિના બધા જ આવશ્યક નિયમો આવી જાય છે. ભગવાન દીર્ઘતપસ્વી કહેવાયા તે માત્ર બાહ્ય તપના કારણે નહિ, પણ એ તપનો અંતર્જીવનમાં પૂર્ણ ઉપયોગ કરવાને કારણે જ—એ વાત ભુલાવી ન જોઈએ.

**તપનો વિકાસ**

ભગવાન મહાવીરના જીવનક્રમમાંથી જે અનેક પરિપક્વ ફળરૂપે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણને વારસો મળ્યો છે તેમાં તપ પણ એક વસ્તુ છે. ભગવાન પછીનાં આજ સુધીનાં ૨૫૦૦ વર્ષમાં જૈન સંઘે જેટલો તપનો અને તેના પ્રકારોનો જીવતો વિકાસ કર્યો છે તેટલો બીજા કોઈ સંપ્રદાયે ભાગ્યે જ કર્યો હશે. એ ૨૫૦૦ વર્ષના સાહિત્યમાંથી કેવળ તપ અને તેનાં વિધાનોને લગતું સાહિત્ય જુદું તારવવામાં આવે તો એક ખાસો અભ્યાસયોગ્ય ભાગ જ થાય. જૈન તપ માત્ર ગ્રંથોમાં જ નથી રહ્યું, એ તો ચતુર્વિધ સંઘમાં જીવતા અને વહેતા વિવિધ તપના પ્રકારોનો એક પડઘોમાત્ર છે. આજે પણ તપ આચરવામાં જૈનો એક્કા ગણાય છે. બીજી કોઈ પણ બાબતમાં જૈનો કદાચ બીજા કરતાં પાછળ રહે, પણ જો તપની પરીક્ષા—ખાસ કરી ઉપવાસ-આયંબિલની પરીક્ષા— લેવામાં આવે તો આખા દેશમાં અને કદાચ આખી દુનિયામાં પહેલે નંબર આવનાર જૈન પુરુષો નહિ તો છેવટે સ્ત્રીઓ નીકળવાની જ, એવી મારી ખાતરી છે. તપને લગતા ઉત્સવો, ઉજમણાંઓ અને તેવા જ બીજા ઉત્તેજક પ્રકારો આજે પણ એટલા બધા વ્યાપેલા છે કે જે કુટુંબે—ખાસ કરીને જે બહેને—તપ કરી તેનું નાનું-મોટું ઉજમણું ન કર્યું હોય, તેને એક રીતે પોતાની ઊણપ લાગે છે. મુગલ સમ્રાટ અકબરનું આકર્ષણ કરનાર એક કઠોર તપસ્વિની જૈન બહેન જ હતી.

## પરિષહ

તપને તો જૈન ન હોય તે પણ જાણે છે, પરંતુ પરિષહોની બાબતમાં તેમ નથી. અજૈન માટે પરિષહ શબ્દ જરા નવા જેવો છે, પરંતુ એનો અર્થ નવો નથી. ઘર છોડી ભિક્ષુ બનેલાને પોતાના ધ્યેયની સિદ્ધિ માટે જે જે સહવું પડે તે પરિષહ. જૈન આગમોમાં આવા પરિષહો ગણાવવામાં આવ્યા છે, તે ફક્ત ભિક્ષુજીવનને ઉદ્દેશીને જ. બાર પ્રકારનું તપ દર્શાવવામાં આવ્યું છે તે તો ગૃહસ્થ કે ત્યાગી બધાને જ ઉદ્દેશીને; જ્યારે બાવીસ પરિષહો ગણાવવામાં આવ્યા છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે ત્યાગી જીવનને ઉદ્દેશીને જ. તપ અને પરિષહ એ બે જુદાં દેખાય છે, એના ભેદો પણ જુદા છે, છતાં એકબીજાથી છૂટા ન પાડી શકાય એવા એ બે ફણગા છે.

વ્રતનિયમ અને ચારિત્ર એ બન્ને એક જ વસ્તુ નથી. એ જ રીતે જ્ઞાન એ પણ બન્નેથી જુદી વસ્તુ છે. આમ છતાં વ્રતનિયમ, ચારિત્ર અને જ્ઞાન એ ત્રણનો યોગ એક વ્યક્તિના જીવનમાં શક્ય છે, અને જો એ યોગ હોય તો જીવનનો વધારે ને વધારે વિકાસ સંભવે છે; એટલું જ નહિ, પણ એવા યોગવાળા આત્માનો જ વધારે વ્યાપક પ્રભાવ બીજા ઉપર પડે છે; અથવા તો એમ કહો કે એવો જ માણસ બીજાઓને દોરી શકે છે. આ જ કારણથી ભગવાને તપ અને પરિષહોમાં એ ત્રણ તત્ત્વો સમાવ્યાં છે. તેમણે જોયું કે મનુષ્યનો જીવનપંથ લાંબો છે, તેનું ધ્યેય અતિ દૂર છે, તે ધ્યેય જેટલું દૂર છે તેટલું જ સૂક્ષ્મ છે અને તે ધ્યેયે પહોંચતાં વચ્ચે મોટી મુસીબતો ઊભી થાય છે; એ માર્ગમાં અંદરના અને બહારના બન્ને દુશ્મનો હુમલો કરે છે, એનો પૂર્ણ વિજય એકલા વ્રતનિયમથી, એકલા ચારિત્રથી કે એકલા જ્ઞાનથી શક્ય નથી. આ તત્ત્વ ભગવાને પોતાના જીવનમાં અનુભવ્યા બાદ જ એમણે તપ અને પરિષહોની એવી ગોઠવણી કરી કે તેમાં વ્રતનિયમ, ચારિત્ર અને જ્ઞાન એ ત્રણેનો સમાવેશ થઈ જાય. એ સમાવેશ એમણે પોતાના જીવનમાં શક્ય કરી બતાવ્યો.

### જૈન તપમાં ક્રિયાયોગ અને જ્ઞાનયોગનો સુમેળ

મૂળમાં તો તપ અને પરિષહ એ ત્યાગી તેમ જ ભિક્ષુજીવનમાંથી જ ઉત્પન્ન થયેલાં છે—જોકે એનો પ્રચાર અને પ્રભાવ તો એક અદના ગૃહસ્થ સુધી પણ પહોંચેલો છે. આર્યાવર્તના ત્યાગજીવનનો ઉદ્દેશ આધ્યાત્મિક શાંતિ જ હતો. આધ્યાત્મિક શાંતિ એટલે ક્લેશોની અને વિકારોની શાંતિ. આર્ય ઋષિઓને મન ક્લેશોનો વિજય એ જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાન વિજય હતો. તેથી જ તો મહર્ષિ પતંજલિ તપનું પ્રયોજન બતાવતાં કહે છે કે 'તપ ક્લેશોને નબળા પાડવા અને સમાધિના સંસ્કારો પુષ્ટ કરવા માટે છે.' તપને પતંજલિ ક્રિયાયોગ કહે છે, કારણ કે એ તપમાં વ્રતનિયમોને જ ગણે છે; તેથી પતંજલિને ક્રિયાયોગથી જુદો જ્ઞાનયોગ સ્વીકારવો પડ્યો છે. પરંતુ જૈન તપમાં તો ક્રિયાયોગ અને જ્ઞાનયોગ બન્ને આવી જાય છે, અને એ પણ સ્મરણમાં રાખવું જોઈએ કે બાહ્ય તપ, જે ક્રિયાયોગ જ છે, તે આભ્યંતર તપ એટલે જ્ઞાનયોગની પુષ્ટિ માટે જ છે, ને એ જ્ઞાનયોગની પુષ્ટિ દ્વારા જ જીવનના અંતિમ સાધ્યમાં ઉપયોગી છે, સ્વતંત્રપણે નહિ.

[દઅચિં૰ ભા૦ ૧, પૃ ૪૪૧-૪૪૪]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org